Impact Factor (SJIF): 6.092 E-ISSN: 2583-1615

International Journal of Research in Academic World

**Received**: 24/February/2024 **IJRAW:** 2024; 3(3):86-88 **Accepted:** 22/March/2024

# જરી-એમ્બ્રોઈડરી એકમોનાં શ્રમિકોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિનો એક અભ્યાસ

*[1]**Dr. Pandharkar Priti A**

*[1]Assistant Teacher, Gyanshakti Residential, Schools of Excellence, Vidhyadeep University, Gujarat, India.

**સારાંશ**

સુરતનો જરી ઉદ્યોગ એ સુરતના સૌથી જૂના ઉદ્યોગોમાંનો એક છે. તે 1955 થી કુટીર ઉદ્યોગનો દરજ્જો ભોગવે છે. જરી એ મધ્યવર્તી ઉત્પાદનો છે જે વ્યાપકપણે બે અંતિમ વપરાશકારોના ઉદ્યોગોને પૂરી પાડે છે. કાપડ ઉદ્યોગ જેમાં હસ્તકલા અને ફેશન ઉદ્યોગનો સમાવેશ થાય છે. ભરતકામ એ દોરો અથવા યાર્ન લાગુ કરવા માટે સોયનો ઉપયોગ કરીને ફેબ્રિક અથવા અન્ય સામગ્રીને સુશોભિત કરવાની હસ્તકલા છે. જરી-એમ્બ્રોઇડરી ઉદ્યોગ સુરતમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે અને સ્થાનિક અર્થતંત્ર, કર્મચારીઓ અને પર્યાવરણ પર તેનો ઘણો પ્રભાવ છે. અભ્યાસમાં ઉધના વિસ્તારના સંદર્ભમાં જરી-એમ્બ્રોઇડરી ઉદ્યોગમાં રોકાયેલા કામદારોની આર્થિક સ્થિતિનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કામદારો અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલા છે અને તેમાંથી મોટાભાગના સ્થળાંતરિત મજૂરો છે. અભ્યાસમાં કામદારોની આર્થિક સ્થિતિના વિવિધ પરિમાણોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેમ કે. વેતન, માસિક ખર્ચ, દેવાની સ્થિતિ, વગેરે. અભ્યાસમાં શૈક્ષણિક ધોરણ અને વેતન તેમજ સેવાના વર્ષો અને પૂર્વધારણા પરીક્ષણ દ્વારા વેતન વચ્ચે સહ સંબંધ શોધવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો

**मुख्य शब्द:** જરી- એમ્બ્રોઇડરી, શ્રમિકો, સામાજિક પરિસ્થિતી, આર્થિક પરિસ્થિતી

## प्रस्तावना

દુનિયાના દેશોમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્ર એમ ત્રણ ઉત્પાદકીય ક્ષેત્રનો સમન્વય જોવા મળે છે. જે પૈકી ઉદ્યોગ એક મહત્વનું ઉત્પાદકીય ક્ષેત્ર હોઈ તે દરેક દેશના અર્થતંત્રમાં ખૂબ જ અગત્ય ધરાવે છે. ઔદ્યોગિક દેશ હોય અને વિકસિત દેશ હોય તેવા સંખ્યાબંધ ઉદાહરણો જોવા મળે છે. જેથી વિશ્વના દેશોમાં મોટા ભાગના દેશો એવું માનતા થયા છે કે ઝડપી આર્થિક વિકાસ સાધવા માટે ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ ખૂબ જરૂરી છે.

ભારતીય અર્થતંત્રની વિકાસની વ્યૂહરચનામાં ઉદ્યોગો અને ગૃહઉદ્યોગો રોજગારી, ઉત્પાદન અને અનેક દ્રષ્ટિએ અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. ભારતમાં જ્યારથી આયોજન અપનાવવામાં આવ્યુ છે ત્યારથી આપણી પંચવર્ષીય યોજનાઓમાં નાના પાયાના અને ગૃહ ઉદ્યોગોનાં વિકાસ તરફ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે કારણકે, ભારત જેવા દેશમાં જ્યાં શ્રમની વિપુલતા અને મૂડીની અછત હોય તેમજ બેરોજગારીનો પ્રશ્ન ગંભીર રીતે વિકટ બનેલો હોય ત્યાં સ્થિર આર્થિક વિકાસ માટે નાના પાયાના અને કુટીર ઉદ્યોગોનું સ્થાન અનિવાર્ય રીતે ઘણું જ અગત્યનું બની રહે છે. નાના પાયાના ઉદ્યોગોના વિકાસને લીધે દેશના અર્થતંત્રમાં રોજગારીનું સર્જન થાય છે, આવકો વધે છે તેમજ નિકાસની તકોનું સર્જન થાય છે. તેથી આ એકમોના વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ માટે કુલ જોગવાઇ રૂ.૩૫૪૫ કરોડ ફાળવેલ છે [1]. બારમી પંચવર્ષીય યોજનામાં ઔદ્યોગિક વિકાસ દર ૯.૬% થી ૧૦.૯% સુધી લઈ જવાનો લક્ષાંક રાખવામાં આવ્યો છે [2]. આ લક્ષાંકની પૂર્તિ સામે અનેક પડકારો રહેલા છે તેથી આયોજકોએ અર્થકારણની બદલાતી જતી વિકાસની તરેહને ધ્યાનમાં રાખી આ લક્ષાંકો પાર પાડવા પ્રયત્નશીલ રહેવું પડશે.

ઇ.સ.૧૬૧૪માં અંગ્રેજોએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનાં નેજા હેઠળ સુરતમાં વેપારી એકમ સ્થાપ્યુ ત્યારે જરીઉધોગને ખુબ જ વેગ મળ્યો કારણકે, ઈસ્ટ ઈન્ડિયા કંપની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી હતી પરિણામે, મુસ્લિમ દેશો જેવા કે ચીન, અરબસ્તાન, અફઘાનિસ્તાન તથા યુરોપિયન દેશો જેવા કે ઈજિપ્ત, ઈટાલી, જર્મની, હોલેન્ડ, સ્વીડન, મોરોક્કો, ફ્રાન્સ તથા ઈગ્લેન્ડનાં બજારો મળ્યા અને તેમાં જરીની માંગ ખૂબ રહેતી [3]. ફ્રાન્સના જરી કસબની હરીફાઈમાં ટકવા વધુ ટકાઉ અને સુંદર જરી બનાવવા જરીઉદ્યોગ પ્રતિબધ્ધ થયો. સુરત જરીના તે વખતના અગ્રણી દિ.બા.ભૂપતરામશાસ્ત્રીએ ગૌરી ગોલ્ડ એન્ડ સિલ્વર વર્કસ સન ૧૯૧૮માં સ્થાપી [4]. સુરત જરીના તે વખતના અગ્રણી દિ.બા.ભૂપતરામશાસ્ત્રીએ ગૌરી ગોલ્ડ એન્ડ સિલ્વર વર્કસ સન 1918માં સ્થાપી [5].

**જરીઉદ્યોગનું સ્વરૂપ:** જરીઉદ્યોગ ત્રણ ભાગમાં વહેચાયેલો છે. [6]

i). કારખાનેદાર અથવા વેપારી

ii). અખાડેદાર
iii). કારીગર

**જરીઉદ્યોગની પ્રક્રિયા:**
i). પાવઠા વિભાગ
ii). ગીલ્ડીંગ પ્રક્રિયા
iii). ત્રાંક મશીન
iv). પાટલા
v). તાર ચપડવાનું
vi). પેચક ભરવા
vii). ફીરકી ભરવી.

**એમ્બ્રોઈડરી એકમો**
હાલમાં આપણે જોઈએ તો એમ્બ્રોઈડરીનું કાર્ય હાથથી નહી પણ મશીન વડે થતું જોવા મળે છે. તેમજ ભરતકામ શબ્દની જગ્યાએ એમ્બ્રોઈડરી શબ્દ ખુબ જ લોકપ્રિય બન્યો છે.

**અભ્યાસની પસંદગી**
શ્રમિકોની સામાજિક આર્થિક પરીસ્થિતિ અંગેના અભ્યાસો અને તેમાં પણ મુખ્યત્વે અસંગઠિત ક્ષેત્રે ઘણા અભ્યાસો હાથ ધરાયા છે જેમકે શાકભાજી વેચનાર, બાંધકામ ક્ષેત્ર, ઓટોરીક્ષાચાલક વગેરે તેમજ મોટાભાગના અભ્યાસો સુરત શહેરનાં સંદર્ભમાં રજૂ થયેલા છે. સુરત શહેરને વેસ્ટ ઝોન, નોર્થ ઝોન, સેન્ટર ઝોન, ઈષ્ટ ઝોન, સાઉથ ઝોન એમ મુખ્ય પાંચ ઝોનમાં વિભાજીત કરવામાં આવ્યું છે. હાથ ધરેલ અભ્યાસમાં સુરતના સાઉથ ઝોનમાં આવેલ ઉધના વિસ્તારને પસંદ કરવામાં આવ્યો. પ્રસ્તુત અભ્યાસ જરી-એમ્બ્રોઈડરી એકમોમાં કામ કરતાં શ્રમિકોની સામાજિક અને આર્થિક પરીસ્થિતિનો અભ્યાસ ઉધના વિસ્તારનાં સંદર્ભમાં કરવામાં આવ્યો છે. ઉધના વિસ્તાર અંગે ભાગ્યેજ અભ્યાસો થયેલા જોવા મળે છે. તેથી ઉધના વિસ્તાર પસંદ કરવામાં આવ્યો. જરી-એમ્બ્રોઈડરી એકમોનો ઉધના વિસ્તારમાં સારા એવા પ્રમાણમાં વિકાસ થયેલો છે. મોટાભાગનાં શ્રમિકો આ એકમોમાંથી રોજગારી મેળવે છે.

**અભ્યાસના હેતુઓ**
i). પ્રસ્તુત અભ્યાસ દ્વારા શ્રમિકોની સામાજિક પરિસ્થિતિ જેમ કે શિક્ષણ, ધર્મ, જાતિ, ઉંમર, રહેઠાણની પરિસ્થિતિ, વૈવાહિક દરજ્જો વગેરે બાબતો જાણવી.
ii). પ્રસ્તુત અભ્યાસ દ્વારા શ્રમિકોની આર્થિક પરિસ્થિતિ જેમ કે માસિક આવક, માસિક ખર્ચ, દેવા, બચત, વગેરે અંગેની પરિસ્થિતિ જાણવી.

## નિદર્શની પસંદગી

**ટેબલ 1:** પ્રસ્તુત અભ્યાસમાં યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા નિદર્શની પસંદગી કરવામાં આવી છે.

| એકમના નામ | શ્રમિકોની સંખ્યા |
| --- | --- |
| એમ્બ્રોઈડરી એકમ | ૫૬ |
| જરી એકમ | ૪૬ |
| કુલ | ૧૦૨ |

ઉપરોક્ત ટેબલ નં. ૨ મુજબ બે એકમો પૈકી એમ્બ્રોઈડરી એકમના ૫૬ અને જરી એકમના ૪૬ એમ કુલ ૧૦૨ શ્રમિકોની પસંદગી કરવામાં આવી છે

**ટેબલ 2:**

| એમ્બ્રોઈડરી એકમનાં વિભાગો | શ્રમિકોની સંખ્યા | જરી એકમનાં વિભાગો | શ્રમિકોની સંખ્યા |
| --- | --- | --- | --- |
| ધાગા કટીંગ | ૨૫ | પાવઠા વિભાગ | ૧૪ |
| ચેકિંગ | ૧૫ | ગીલ્ડીંગ વિભાગ | |
| મશીનવર્ક | ૧૧ | ત્રાંક મશીન | ૦૫ |
| સ્ટીચ | ૦૫ | પાટલા વિભાગ | ૦૩ |
| કુલ | ૫૬ | તાર ચપડવાનું કાર્ય | ૦૩ |
| | | પેચક ભરવા | ૦૫ |
| | | ફીરકી ભરવી | ૦૪ |
| | | કુલ | ૧૨ |

ઉપરોક્ત ટેબલ નં. ૩ મુજબ એમ્બ્રોઈડરી એકમનાં વિભાગો પૈકી ધાગા કટીંગનાં ૨૫, ચેકિંગનાં ૧૫, મશીન વર્કનાં ૧૧, સ્ટીચનાં ૫ એમ કુલ ૫૬ શ્રમિકોની પસંદગી કરવામાં આવી. જ્યારે જરી એકમના પાવઠા વિભાગનાં ૧૪, ગીલ્ડીંગ વિભાગનાં ૫ ત્રાંક મશીનનાં ૩ પાટલા વિભાગ ૩, તાર ચપડવાનું કાર્ય કરનાર ૫, પેચક ભરવા ૪, ફીરકી ભરવી ૧૨ એમ કુલ ૪૬ શ્રમિકોને અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવ્યા છે

**અભ્યાસની પધ્ધતિ**
પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક અને ગૌણ માહિતી એમ બંને પ્રકારની પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી છે. પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરવા અભ્યાસને બંધબેસતી પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી આ પ્રશ્નાવલીને જુદા-જુદા વિભાગોમાં વિભાજિત કરવામાં આવી. એકત્ર કરવામાં આવેલ આંકડાકીય માહિતીનું વિષ્લેષણ કરવા, કોષ્ટક બનાવવા, આલેખમાં નિરૂપણ કરવા તેમજ પરીક્ષણ કરવા SPSS (Statistical Package for Social Science) કોમ્પ્યુટર સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો.

**અભ્યાસની મર્યાદા**
- જરી-એમ્બ્રોઈડરી એકમો વેપારીઓ, અખાડેદારો, સુપરવાઈઝરો, હેલ્પરો, ઓપરેટરો અને શ્રમિકો એમ જુદી-જુદી વ્યક્તિઓ સાથે સંકળાયેલા છે. જેમાં પ્રસ્તુત એકમ માત્ર એકમોમાં કામ કરતાં શ્રમિકોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ જાણવા પૂરતું જ મર્યાદિત છે.
- અભ્યાસ માત્ર ઉધના વિસ્તારને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ છે જે તારણો આવે તે અન્ય વિસ્તારને લાગુ પાડી શકાય નહી.

## આંકડાકીય માહિતીનું વિશ્લેષણ
## સામાજિક પરીસ્થિતિ

**ટેબલ 3:**

| ક્રમ | વિગત | ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| ૧ | શિક્ષણ | નિરક્ષર (૧૦.૮) લખી વાંચી શકે છે (૨૩.૫%) પ્રાથમિક (૨૬.૫%) માધ્યમિક (૩૦.૪%) ઉચ્ચતર માધ્યમિક (૮.૮%) |
| ૨ | ધર્મ | હિંદુ (૭૯.૪%) મુસ્લિમ (૨૦.૬%) |
| ૩ | જાતી | SC (૨૩.૫%) ST (૨૫.૫%) SEBC (૧૧.૮%) OPEN (૩૯.૨%) |
| ૪ | ઉંમર | ૧૫-૩૦ (૨૪.૫%) ૩૦-૪૫ (૪૩.૧%) ૪૫-૫૦ (૨૪.૫%) ૫૦-૬૫ (૭.૮%) |
| ૫ | મકાનની માલિકી | પોતાનું (૪૨.૨%) ભાડાનું (૫૪.૯%) સરકારી આવાસ (૨.૯%) |
| ૬ | વૈવાહિક દરજ્જો | પરણિત (૭૦.૬%) અપરણિત (૨૧.૬%) વિધવા/વિધુર (૪૦.૯%) ત્યકતા (૧.૯%) |

કુલ શ્રમિકો પૈકી મોટાભાગના શ્રમિકોએ માધ્યમિક સુધીનો અભ્યાસ કરેલ માલુમ પડ્યા માધ્યમિક સુધી અભ્યાસ કરનાર શ્રમિકોનું પ્રમાણ ૩૦.૪% જેટલું જોવા મળ્યું. હિંદુ ધર્મના શ્રમિકોનું પ્રમાણ ૭૯.૪% જયારે મુસ્લિમ શ્રમિકોનું પ્રમાણ ૨૦.૬% જોવા મળ્યું. કુલ શ્રમિકો પૈકીના open જાતીના શ્રમિકો વધુ માલુમ પડ્યા.જરી-એમ્બ્રોઇડરી એકમમાં કામ કરતા શ્રમિકોનું વય ૩૦-૪૫ વચ્ચે જોવા મળ્યું. પોતાની માલિકીનું મકાન ધરાવનાર શ્રમિકોનું પ્રમાણ ૪૨.૨% ભાડેથી રહેનાર શ્રમિકોનું પ્રમાણ ખુબ વધુ ૫૪.૯% જયારે સરકારી આવાસમાં રહેનાર શ્રમિકોનું પ્રમાણ ખુબ જ ઓછુ ૨.૯% જોવા મળ્યું.જરી-એમ્બ્રોઇડરી એકમમાં કામ કરતા શ્રમિકો પૈકી પરણિત શ્રમિકોનું પ્રમાણ ૭૦.૬% જેટલું જોવા મળ્યું.

## આર્થિક પરિસ્થિતિ

**ટેબલ 4**

| ક્રમ | વિગત | ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| ૧ | માસિક આવક | ૧૦૦૦થી ઓછી (૨.૦%) ૧૦૦૦-૩૦૦૦ (૧૩.૭%) ૪૦૦૦-૬૦૦૦ (૪૮.૦%) ૭૦૦૦-૯૦૦૦ (૧૮.૬%) ૧૦૦૦૦-૧૨૦૦૦ (૯.૮%) ૧૩૦૦૦-૧૫૦૦૦ (૬.૯%) ૧૫૦૦૦થી વધુ (૧.૦) |
| ૨ | માસિક ખર્ચ | ૨૦૦૦થી ઓછુ (૩૯.૨%) ૨૦૦૦-૬૦૦૦ (૪૬.૧%) ૭૦૦૦-૧૦૦૦૦ (૧૦.૮%) ૧૦૦૦૦થી વધુ (૩.૯%) |
| ૩ | દેવા | હા (૪૦.૨૦%) ના (૫૯.૮%) |
| ૪ | દેવા પ્રાપ્તિના સ્ત્રોતો | સગા-સબંધી (૨૯.૩%) મિત્રો (૧૭.૦%) કોન્ટ્રાકટર/શેઠ (૨૨.૦%) વ્યાજે (૧૨.૨%) લોન (૧૯.૫%) |
| ૫ | બચત | હા (૫૩.૯%) ના (૪૬.૧%) |
| ૬ | બચતની રકમ | ૧૦૦-૫૦૦ (૫.૩%) ૫૦૦-૧૦૦૦ (૩૦.૪%) ૧૦૦૦-૨૦૦૦ (૫૫.૬%) ૨૦૦૦થી વધુ (૮.૭%) |

જરી-એમ્બ્રોઇડરી એકમમાં કામ કરતા શ્રમિકોની માસિક આવક અંગેની આંકડાકીય માહિતી પરથી કહી શકાય કે અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ કુલ શ્રમિકો પૈકી ૪૮% શ્રમિકોની માસિક આવક ૪૦૦૦-૫૦૦૦ સુધી જણાઈ. ૪૬.૧% શ્રમિકોનો માસિક ખર્ચ ૨૦૦૦-૬૦૦૦ સુધીનો જણાયો. દેવું કરેલ શ્રમિકોનું પ્રમાણ ૪૦.૨૦% જણાયું. મોટાભાગના શ્રમિકો દેવાની રકમ સગા-સબંધી પાસેથી મેળવતા જોવા મળ્યા. કુલ શ્રમિકો પૈકી ૫૩.૯% શ્રમિકો બચત કરે છે. ૫૫.૬% શ્રમિકો રૂ.૧૦૦૦-૨૦૦૦ સુધીની રકમ બચત કરતા જણાયા.

## તારણ

જરી-એમ્બ્રોઇડરી એકમમાં કામ કરતા શ્રમિકોની સામાજિક તેમજ આર્થિક પરિસ્થિતિ ખુબજ નબળી જણાઈ. શ્રમિકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ જણાયું શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવાથી માસિક આવક પણ ઓછી જોવા મળી. તેમજ મોટાભાગના શ્રમિકો પરણિત હોવાથી ઘર ખર્ચ માટે પણ દેવું લેવું પડે તેવી સ્થિતિ જણાઈ. ભાડાના મકાનમાં રહેતા શ્રમિકોની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી જણાઈ સરકારી આવાસોનો લાભ શ્રમિકોને મળે તેમજ શ્રમિકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તેવા પ્રયત્નો કરવા જોઇએ તેથી સરકારે આ ક્ષેત્ર તરફ પુરતું ધ્યાન આપવું જોઇએ.

## સંદર્ભસૂચિ


1. બજેટ-૨૦૧૬-૧૭, ગુજરાત, કેન્દ્ર.
2. 12 five years plan Gov. of India.
3. "Historical background" chep-૧જરી વેપારી મંડળ રજત વર્ષ (૧૯૭૦-૭૧) પેજ નં-૧.
4. લેખડિયા જ્યોતિન્દ્ર ભ.પુસ્તક-સાંપ્રત દર્શન (વ્યાપાર, અર્થકારણ, શિક્ષણ વિષયક લેખ સંપુટ) પેજ નં-૧૬૯ to૧૭૨.
5. લેખડિયા જ્યોતિન્દ્ર ભ.પુસ્તક-સાંપ્રત દર્શન (વ્યાપાર, અર્થકારણ, શિક્ષણ વિષયક લેખ સંપુટ) પેજ નં-૧૬૯ to ૧૭૨.
6. પાઠક દિપક બી. (૧૯૯૧) "જરી એકમોનાં શ્રમિકોની સામાજિક-આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ: સુરતનો જરી ઉધોગ" અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.
7. લેખડિયા જ્યોતિન્દ્ર ભ. પુસ્તક-સાંપ્રત દર્શન (વ્યાપાર, અર્થકારણ, શિક્ષણ વિષયક લેખ સંપુટ) પેજ નં-૧૬૯ to ૧૭૨.
8. સોની જયશ્રી (૧૯૮૯) "જરી ઉધોગ અને સ્ત્રી કામદાર" સેન્ટર ફોર સોશિયલ સ્ટડીસ.
9. પાઠક દિપક બી. (૧૯૯૧) "જરી એકમોનાં શ્રમિકોની સામાજિક-આર્થિક પરિસ્થિતીનો અભ્યાસ: સુરતનો જરી ઉધોગ. અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.
10. બજેટ-૨૦૧૬-૧૭, ગુજરાત, કેન્દ્ર.
11. Five years plan Gov. of India.
12. "Historical background" chep-૧ જરી વેપારી મંડળ રજત વર્ષ (૧૯૭૦-૭૧) પેજ નં-૧.